

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સંકલન વિનાનું છે બેકાર, આધાર કાર્ડ,*
*અનેક કાર્ડનો લે છે આધાર, આધાર કાર્ડ -*
*જીવંત વ્યક્તિઓ બને વિકલ્પ, આધાર કાર્ડ*
*નિરાધારોનું થયું છે આધાર, આધાર કાર્ડ*

### હાઈકુ

*લાંચ રુશ્વતે,*
*- બને લાભોમાં બંપ*
*આધાર કાર્ડ*

*તાંત્રિક ભૂલે*
*બને છે નિરાધાર,*
*આધાર કાર્ડ*

### ચિંતન

*ભૂત્યનવર્તનં પુરુષસ્ય રસાયનમ્ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**સંપન્ન જીવન પુરુષ માટે રસાયણ છે.**

**સુખી, સંપન્ન અને શાંત જિંદગી જીવવાથી વ્યક્તિનું સ્વાસ્થ્ય સમતોલ રહે છે. અને એને દીર્ઘાયુ પ્રાપ્ત થાય છે. ધન ઐશ્વર્ય વ્યક્તિ માટે રસાયણ (જરા અને વ્યાધિને મટાડનાર - દૂર કરનાર - ઔષધિ ને 'રસાયણ' કહે છે.) સમાન છે.**

**ગરીબી - દારિદ્રય મનમાં દુઃક પેદા કરે છે પરિણામે અનેક અભાવો જન્મે છે અને એમાંથી રોગો - સંતાપો જન્મે છે. જરૂર જેટલી સંપત્તિ આવક માણસને જીવન જરૂરી આશ્વાસન આપે છે અને શક્તિદાયક રસાયણ બની જીવનશક્તિ આપે છે.**

**જો કે ગરીબી - દારિદ્રય એ માત્ર મનોરોગ છે સંતોષ એની દવા છે.**

### સુવિચાર

- જયાં સ્ત્રીઓના માન સન્માન નથી, ત્યાં સૂર્યનો ઉદય થતો નથી - **અમૃતબિંદુ**
- બીજાની મહેરબાનીની અપેક્ષા કરતાં પોતાના સદ્‌ગુણોથી આગળ વધવું સારું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અગાઉ ભણેલો માણસ જો તેનાં જીવનમાં મૂલ્યો ઉમેરવાનું બંધ કરી દે તો ભવિષ્યમાં તે અભણ બની જશે - **એ.પી.જે. કલામ**
- પ્રસન્નતા આત્માનું સ્વાસ્થ્ય છે, ઉદાસીનતા ઝેર - **ફુલછાબ**
- દયા દર્શાવનાર પોતાનું જ હિત કરે છે પરંતુ નિર્દય માણસ પોતાને જ ઘાયલ કરે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- એક માણસ પોતાના માટે જે ધારતો હોય અને તે જ બીજાને માટે કહે તેનું નામ 'ખુશામદ' - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : આંબા હળદરને પીસી તેમાં પાણી મેળવી પેસ્ટ બનાવી ખીલના ડાઘ ઉપર પંદર દિવસ લગાવવાથી જૂના ખીલના ડાઘ જતા રહે છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

આપણે સ્મશાનયાત્રામાં જઈએ ત્યાં - ત્યારે વૈરાગ્ય જન્મે છે અને 'સ્મશાન વૈરાગ્ય' કહેવાય - સ્મશાનની હદ પૂરી થાય ને માયા શરુ થઈ જાય છે :

એક માણસ કબીર સાહેબના દર્શન કરવા ગયો. તે સમર્થ કબીરે ઘરે નહોતા. એમના પત્ની ને પૂછ્યું, 'કબીર કયાં ગયા છે ? કયારે મળશે?' કબીર સાહેબની પત્નીએ કહ્યું, 'તેઓ સ્મશાન ગયા છે' પેલા માણસે કહ્યું હું પહેલી વખત કબીર સાહેબના દર્શન કરવા આવ્યો છું હું તેમને ઓળખતો નથી એમની ઓળખાણ માટે તેમની નિશાની શું ? કબીરના પત્નીને કહ્યું, 'તમે જે શખ્શના માથા પર વાદળી છાયા જુઓ તે કબીર સાહેબ' પેલો માણસ સ્મશાનમાં પહોંચ્યો અને જોયું કે દરેક જણના માથે વાદળી છાયા હતી. જેવો શબને અગ્નિ સંસ્કાર થયો અને સૌ સ્મશાનમાંથી બહાર નીકળ્યા તો ફક્ત કબીર સાહેબના માથા પર જ વાદળી છાયા જોવા મળી, બાકીના સૌ ના માથેથી વાદળી છાયા ગાયબ થઈ ગઈ. ત્યારે પેલો માણસ કબીર સાહેબને પગે લાગી પૂછ્યું, 'આ બધા ના માથે પણ સ્મશાનમાં મેં વાદળી છાયા જોઈ હતી અને સ્મશાનની બહાર ફક્ત આપના માથે વાદળી છાયા જોઈ તેનું રહસ્ય મને કહો' કબીર સાહેબે કહ્યું, 'સ્મશાનમાં હતા તે સૌ માણસો વૈરાગ્યવાળા હતા તેથી તે સૌનાં માથા પર વાદળી છાયા હતી, તે સૌ સ્મશાનમાંથી બહાર નીકળ્યા એટલે એમને સંસારની માયા લાગી અને વૈરાગ્ય ભૂલી ગયા. મેં તો મારા જીવનમાં કાયમ વૈરાગ્ય વૃત્તિ રાખી છે તેથી મારા માથે વાદળી છાયા છે, કારણ કે સાચા વૈરાગ્યથી એક જ રંગ રહે બાકી બીજા તો સ્મશાન વૈરાગ્ય કહેવાય.'

# ભારતીય જનચેતનાનો દિગ્વિજય

**તંત્રીસ્થાનેથી...**


ભારતીય મૂળના અમેરિકન વિદ્યાર્થી પ્રણવ વરદાને પ્રતિષ્ઠિત નેશનલ જિયોગ્રાફી બી સ્પેલિંગ સ્પર્ધાનું પચાસ હજારનું ઈનામ જીતીને દુનિયા આખીને ભારતની બુદ્ધિમતાનો પરચો આપી દીધો છે. પ્રણવ ફક્ત ચૌદ વરસનો છોકરો છે અને આઠમા ધોરણનો વિદ્યાર્થી છે. આ સ્પર્ધામાં વિશ્વની ભૂગોળનું જ્ઞાન ચકાસવામાં આવતું હોય છે. એવાં સ્થળો કે પ્રદેશો, પહાડો, નદીઓ, રણ વગેરેને ઓળખી બતાવવાનાં હોય છે. છેલ્લા એક દાયકાથી આ સ્પર્ધા ભારતીય મૂળના જ વિદ્યાર્થીઓ જીતતા આવ્યા છે, તે જ શું એ ચમત્કાર નથી ? ગયે વર્ષે રનર અપ રહેલ વરદા આ વખતે સ્પર્ધા જીતવામાં સફળ થયો છે અને રનર અપ તરીકે થોમસ રાઈટ પછી પણ ભારતીય મૂળની જ દીકરી વેદા ભટ્ટારામન તથા ત્રીજા ક્રમે પણ ભારતીય મૂળની જ અન્ય વિદ્યાર્થી બાળા હી ચે. આ વર્ષે દર ફાઈનાલિસ્ટો પૈકી છ ભારતીય મૂળના જ વિદ્યાર્થી હતા એ જ શું સૂચક નથી ? આજીવિકા ખાતર વહાલું વતન છોડી વિદેશમાં વસી ગયેલ ભારતીય પરિવારોએ ત્યાં જઈને પણ હજારો વર્ષોનો બૌદ્ધિક અને સાંસ્કૃતિક જ્ઞાનવારસો જાળવી રાખ્યો છે. એમનાં બાળકો પણ એમનાં ભારતીય જિન્સને કારણે અમેરિકા જેવી વિશાળ મહાસત્તામાં પોતાની આગવી ઈમેજ ઊભી કરી રહ્યાં છે. અહીંથી તબીબી, ઈજનેરી કે આઈટી ક્ષેત્રના તજજ્ઞો વધુ સારું વળતર મેળવવાની અપેક્ષાએ અમેરિકા, કેનેડા કે ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં સ્થાયી થતા રહે છે; યુરોપના દેશો તરફ પણ એમનો ધસારો રહ્યા કરે છે; પરંતુ ત્યાં ગયા પછી એ સામાન્ય માણસ નથી રહેતા. એ કંઈક વિશિષ્ટ છે, એની પ્રતીતિ કરવીને જ જંપે છે. અમેરિકાના તંત્રવાહકોએ આ બાબતની વારંવાર ગંભીર નોંધ લીધેલી છે. એવું તે શું છે કે અમેરિકાની ગોરી પ્રજાની સરખામણીએ વ્યવસાયથી લઈ ટેકનિકલ ક્ષેત્ર સુધી દરેક જગ્યા પર ભારતીય મૂળના લોકો ગોઠવાઈ જાય છે ? આ પ્રક્રિયા છેલ્લા પચાસ વર્ષ દરમિયાન તો ઊડીને આંખે વળગે એ હદે ઝડપી બની રહી છે. અમેરિકાના પ્રમુખની ચૂંટણી લડનારો ભારતીય મૂળના લોકોને રીઝવવા પડે છે. કયારેક એ ઓબામાને જિતાડી લાવે છે તો કયારેક પાકિસ્તાનને પડકારનારા ટ્રમ્પની વહારે ધાતા રહે છે. જે બૌદ્ધિક ક્ષમતા અને કાર્યદક્ષતા ભારતીય મૂળના નાગરિકોમાં જોવા મળે છે તે એમને અમેરિકાની બહુમતી પ્રજા કરતાં અનેક દૃષ્ટિએ ચડિયાતા સિદ્ધ કરે છે. આથી અકલાયેલા અમેરિકાના પૂર્વ પ્રમુખ બુશથી લઈ ઓબામા સુધીના નેતાઓ અમેરિકન વિદ્યાર્થીઓને સંબોધતા વારંવાર કહી ચૂક્યા છે કે આ ભારતીયો તમારી તકો ચાઉં કરી રહ્યા છે. અલ્યા અમેરિકનો, તમો જાગો, નહીંતર એક દિવસ તમારે એમના ગુલામ થઈને જીવવું પડશે. આ મતલબનાં વિધાનો પછી જ કદાચ ટ્રમ્પ જેવા નેતાએ 'અમેરિકા ફર્સ્ટ' જેવા કાર્યક્રમો રાખવા પડ્યા હશે. મૂળ સવાલ જિનેટિક બૌદ્ધિકતા અને કાર્યક્ષમતાનો છે. ભારતીય મૂળના લોકો પાસે હજારો વર્ષની સાંસ્કૃતિક વિરાસત છે, જ્ઞાનસંપદા છે અને પ્રતિકૂળતાઓ વચ્ચે ટકી રહેવાની પ્રતિકારશક્તિ છે. અમેરિકન પ્રજામાં નથી એ સંસ્કાર કે નથી એવી આવડત એને તો ભૌતિક સુખસુવિધામાં જ રસ છે. કદાચ આ જ કારણ છે કે એકવીસમી સદી હવે એશિયાની અને એમાં પણ સવિશેષ ભારતની બની રહેવાની છે. કવિ મોહંમદ ઈકબાલે ગાયું છે તેમ આપણી 'હસ્તી'માં જ કંઈક એવું વિશિષ્ટ તત્ત્વ સમાયેલું છે કે ગમે તેવા પડકારો વચ્ચે પણ એ એનું વજૂદ ટકાવી શકે છે.

# સૂક્ષ્મ અહંકારનો ત્યાગ કરીએ

**નવોદિત કોલમ**

કાનન ઓઝા

છત્રપતિ શિવાજી મહારાજના જીવનનો એક પ્રસંગ છે. મહારાષ્ટ્રમાં એક વર્ષે ભયંકર દુષ્કાળ પડ્યો. પાણી અને અન્ન વિના માણસો તરફડવા લાગ્યા. ભયંકર દુષ્કાળના



વખતે શિવાજી મહારાજે પોતાના રાજયના બધાં જ ભંડાર ખુલ્લા મુકી દીધા અને ગમે તેમ કરીન અને ગમે ત્યાંથી પાણી અને અનાજની વ્યવસ્થા કરી અને એક એક માણસને બચાવી લીધા. પરંતુ આ વાત ઉપર શિવાજીમાં એક સૂત્રમ અહંકારનુ બીજ રોપાઈગયું કે, 'મેં રાજયનાં ભંડાર ખુલ્લા ન મુક્યા હોત તો ઘણા માણસો મોતને ભેટી ગયા હોત' 'આ વાત શિવાજીએ તેમને ગુરુ સમર્થ રામદાસ ને કહી, તે વાતનો ગુરુ રામદાસે પ્રત્યુત્તર ન દીધો અને મનમાં સમજી ગયા કે, શિવાજીને સૂક્ષ્મ અહંકારની બિમારી લાગુ પડી છે. જો આ બિમારી આગળ વધશે તો અહંકારનું રુપ ધારણ કરશે અને અહંકારનું રુપ ધારણ કરશે અને અહંકાર આવશે તો શિવાજીનું પતન થઈ જશે.'

એટલે સૂક્ષ્મ અહંકારની બિમારી નાબૂદ કરવાનો વિચાર કરીને એક દિવસ સમર્થ ગુરુ રામદાસે શિવાજી મહારાજ પાસે ગયા અને શિવાજીને કહ્યું, 'મારે જંગલમાં ફરવા જવાનો વિચાર છે. માટે બે ઘોડા તૈયાર કરો.' 'બે ખોડા તૈયાર થઈ ગયા. એક ઘોડા ઉપર સમર્થ સ્વામી રામદાસ આરૂઢ થયા અને બીજા ઘોડા પર શિવાજી મહારાજ, બંને જગલમાં બહુ દૂર નીકળી ગયા. એક નદી કિનારો જોયો એક ઝાડ સાથે બંને ઘોડા બાંધીને બંને ચાલવા માંડ્યા. થોડે દૂર થઈને સ્વામી રામદાસે શિવાજીને બોલાવીને કહ્યું કે, 'શિવા આ પથ્થર જરા ઊંચો કરને !' શિવાજી એ મોટા પથ્થર ઉંચો કર્યો તેની નીચે હજારો જીવજંતુઓ આમ તેમ દોડવા લાગ્યાં, ત્યારે સ્વામી રામદાસે શિવાજીને કહ્યું કે, 'આ બધા જીવજંતુને પાણી તથા અનાજ તું મોકલાવીશ ને ?' શિવાજી મહારાજ વાત બરાબર સમજી ગયા.' મેં જે દુષ્કાળની વાત કરી હતી એટલે મને સાચો રાહ બતાવવા માટે મને અહીં સુધી લઈ આવ્યા છો. 'પછી સ્વામી રામદાસે



શિવાજીને કહ્યું કે, 'મારવાવાળા કરતાં જીવાડનારો બહુ મોટો છે, એનું નામ વિશ્વંભર છે, જે જગતનું પાલન પોષણ કરે છે, કીડીને કણ આપે છે, હાથીને મન આપે છે પંખીને ચણ આપે છે. બાળકના જન્મ પહેલાં તેની માતાના સ્તનમાં દૂધ મોકલી આપે છે.' તે વખતે શિવાજી મહારાજ સ્વામી રામદાસ પાસે ભૂલની માફી માગે છે અને ફરી આવો સૂક્ષ્મ અહંકાર નહીં કરું તેનાં સોગંધ લે છે.

# પાણી વગર રહી શકતાં પ્રાણીઓ







**વનસૃષ્ટિનો પરિચય**

હેમંત સુથાર



આપણે જાણીએ છીએ તેમ પાણી વગર જીવન શક્ય નથી પરંતુ પૃથ્વીના ખાસ કરીને ઉત્તર ગોળાર્ધ ભાગમાં પાણીની અછતવાળા રણ અને સુકા પ્રદેશોમાં વસવાટ કરતાં પ્રાણીઓએ પાણી વગર ટકી શકવાનું ખાસ અનુકૂલન સાધ્યું હોય છે.

કેટલાક જાણીતાં પ્રાણીઓમાં ઊંટ પાણી પીધા વગર ૧૫ દિવસ સુધી ચલાવી શકે છે. જયારે જીરાફ ઊંટ કરતાં પણ વધુ દિવસો એટલે કે, ૨૧ દિવસ પાણી પીધા વગર ચલાવી શકે છે. તેનાથી આગળ વધીને કાંગારુ રેટ જાતિના ઉંદરની વાત કરીએ તો તે તેના ૩ થી ૫ વર્ષના આયુષ્યકાળ દરમિયાન કદી પાણી પીતું નથી. ગાલાપાગસ ટાપુઓ પરના ડેઝર્ટ ટોરટોઈઝ અને જાયન્સ ટોરટોઈઝ ચોમાસામાં પાણીની ઉપલબ્ધી હોય ત્યારે તેમના જાતિના કાચબા શરીરના પોલાણવાળા ભાગોમાં પાણી સંગ્રહ કરી લે છે અને પાણીની અછત સમયે તેમાંથી પાણીની જરૂરિયાતની પુર્તતા કરતાં રહે છે. ઓસ્ટ્રેલિયન વોટર હોલ્ડીંગ ફ્રોગ (દેડકાઓ)ના શરીરના ભાગમાં પાણી સંશય કરવાની ખાસ કોથળીઓ હોય છે. તે તેમાં પાણી સંગ્રહ કરે છે. જેમાં તેમના વજન કરતાં બમણું પાણી એકત્ર થતું હોય છે. એકવાર તે પૂર્ણ ભરાઈ ગયા બાદ પાંચ વર્ષ સુધી આવા દેડકાઓને પાણી પીવાની જરૂર રહેતી નથી.

શરીરમાંથી પાણીના ઊડી જાય તે માટે રણ કે સુકા પ્રદેશના ઘણા જીવો જેમ કે ઉભયજીવીઓ, સરિસૃપો નાના સસ્તન પ્રાણીઓ તથા કીટકો જેવા ઘણા લાબાં સમયમાટે ગ્રીષ્મ સમાધિમાં ચાલ્યા જાય છે. દક્ષિણ અને મધ્ય અમેરિકાના કેટલાક વૃક્ષશાયી દેડકાની કેટલીક જાતો તેમની ભેજવાની ચામડીમાંથી પાણી વ્યય ન થાય તે માટે મીણ જેવો પદાર્થ આખા શરીરે ફેલાવી દે છે. પરિણામે શરીરમાં રહેલું પાણી લાંબા સમય સુધી ટકી રહે છે.

આફ્રિકન લંગફીશ ઉનાળા જેવી સુખી ઋતુ દરમિયાન તેની ફીની મદદથી કાદરવમાં દર ખોદી જમીનમાં નીચેના ભાગે ચાલ્યા જાય છે અને કશું જ ખાધા - પીધા વગર લાંબોસમય સમાધિમય રહે છે. શ્વાસ તથા હૃદયના ધબકારા એટલે કે બાયોલોજીકલ ઘડિયાળ ધીમું કરે છે. જયારે તાજું પાણી ઉપલબ્ધ થાય ત્યારે ફરી સક્રિય થાય છે. આ સમયગાળો ૧ થી ૫ વર્ષનો પણ હોઈ શકે છે.

ઉત્તર અમેરિકી કાંગારૂ રેટ તથા પોકેટ માઈસ ભેજવાળો ગાળો હોય ત્યારે ભરપુર કાર્બોહાઈડ્રેડસ હોય તેવા બીજના ખોરાકમાંથી મોટાબોલીક વોટર મેળવે છે. તે કારણે તેમને મહિનાઓ સુધી પાણી પીવાની જરૂર પડતી નથી.

ઊંટ, જિરાફ તથા એરેલિયન ઓરેક્ષ જેવા પ્રાણીઓ તેમની ખુંધ જેવા ભાગમાં ચરમી એકત્ર કરે છે અને લગભગ પ્રત્યેક ૧ ગ્રામ ચરબીમાંથી ૧.૨ મીલી મીટર પાણી મેળવે છે. ઊંટની ખુંધમાં ૩૬ કિલો જેટલી ચરબી એકઠી થાય છે. જે તેને પાણી પીધા વગર લાંબો સમય ટકી રહેવાની ક્ષમતા બક્ષે છે. આવા પ્રાણીઓનું શ્વસનતંત્ર પણ વિશિષ્ટ હોય છે તે ઓછામાં ઓછો ઉચ્છવાસ લઈને પાણી વ્યય અટકાવે છે.

કુદરતે પ્રત્યેક જીવને વિશિષ્ટ બનાવેલ છે. જેવા વિસ્તારમાં વસવાટ જેવી ખોરાક - પાણીની ઉપલબ્ધી તે પ્રમાણેના અનુકૂલનોની ભેટ પ્રાણીઓ બક્ષે છે.

# 'વીરુ સહસ્ત્રબુદ્ધિ'નો હાહાકાર : પિકચર અભી બાકી હૈ મેરે દોસ્ત...!!!

**રઝળપાટ**

અજય ઉપાધ્યાય



૧૯૯૦ : 'અગર તુમ્હારે બચ્ચે કો જિન્દા દેખના હૈ તો કાલી પહાડી કે પીછે પાંચ લાખ લે કે આ જાવ' ૨૦૧૭ : 'અગર તુમ્હારા ડેટા વાપિસ ચાહિયે તો ઈતના ડોલર યા તો બીટકોઈન પહુચા દો'... ફીરોતી વહી અંદાઝ નયા...! ગયા શનિવારે 'રેનસમવેર' વાયરસનો દુનિયાભરમાં એટેક થયો એને લગભગ એક અઠવાડિયું થવા આવ્યું, ૧૦૦ થી વધુ દેશોના લાખો કોમ્પ્યુટર પર 'વન્નાક્રાય' નામના ઉઘરાણી કરતા વાયરસે હાહાકાર મચાવ્યો, એમાં ભારતના કોમ્પ્યુટરોનો, બેંકિંગ સિસ્ટમનો, સુરક્ષાતંત્રનો પણ વારો આવી ગયો. અનેક દેશોની નામાંકિત સંસ્થાઓમાં અને સરકારી કચેરીઓની વેબસાઈટ પર સાઈબર એટેક કરવામાં આવ્યો. જેને રેનસમવેર એટેક કહેવામાં આવે છે. આ એવો વાયરસ છે જેનાથી કોમ્પ્યુટરમાં રહેલો ડેટા લોક થઈ જાય છે. તેને ફરીવાર અનલોક કરવા માટે હેકર્સ બિટકોઈન્સ અથવા ડોલર્સમાં રકમની માગણી કરે છે. દેસી ભાષામાં આને 'ઉઘરાણી' કે 'ખંડણી' કહી શકાય...! જો કે કોણે કોણે અને કેટલી ફિરૌતી આપી એ બહાર ઓછું આવ્યું છે પણ આ અદ્રશ્ય ઉઘરાણીને અઠવાડિયું થયું હોવા છતાયે પણ હજુયે આખીયે દુનિયા અને ખાસ કરીને ભારત જેવા ઓછી સાયબર સિક્યુરીટી ધરાવતા દેશો આ અવકાશી લુટારાઓથી ફફડે છે.

અને ફફડવું જ પડે કેમકે આ હુમલો એવો ખતનાક અને અદ્રશ્ય હોય છે કે ભલભલા લોકોના કપાળમાં ચિંતાની લકીરો મહિનાઓ સુધી દેખાયા કરે. એમાયે જો વૈશ્વિક સાયબર સુરક્ષા નિષ્ણાતોની વાત માનીએ તો આ સાયબર એટેક 'સૌથી વધુ ખતરનાક' હતો. અઘરું એ છે કે જેમ પુર કે વાવાઝોડા પછી જ સાચી તબાહી જાણવા મળે એમ આવા અવકાશી યાની કી સાયબર હુમલાઓ પછી જ ખબર પડે કે આ ઓનલાઈન લુટારાઓ આપણું શું શું અને કેટલું લુટી ગયા....!!!! હજુ તો દુનિયા 'હાય હાય હમ લુટ ગયે' એવી કાગારોળ મચાવવા માટે પૂરો હિસાબ પણ માંડી નથી રહી કે "ક્મબખ્તોને કહા કહા ઔર કિતની લુટ કી" એનો તાળો મેળવવો બાકી છે ત્યાં તો આવા જ બીજા રેન્સમવેરના પિત્રાઈ ભાઈઓના ત્રાટકવાના સમાચાર મળવા માંડ્યા છે..! એક ગ્લોબલ સાયબર સિક્યોરિટી કંપનીએ મોંકાણના સમાચાર આપતા જણાવ્યું છે કે, હજુ એક આવો જ ભયંકર ગુપ્ત સાયબર અટેક થવાની શક્યતાઓ નજીકના ભવિષ્યમાં જ છે જે વિશ્વભરના કોમ્પ્યુટર્સ પર તાજેતરમાં જ થયેલા હુમલાથી પણ વધુ ખતરનાક સાબિત થશે. આ વાયરસ ગેટ વન બાય વન ફ્રી ની સ્કીમ મુજબ વાન્નાક્રાયની સાથે સાથે જ માર્કેટમાં ફરતો કરવામાં આવ્યો છે. આ વાયરસને વાનાક્રાયથી પણ મોટો અને ઘાતકી ગણાવાય રહ્યો છે અને વાયરસના લક્ષણો મુજબ આ વાયરસ ગુપ્તતાથી અને છાની રીતે સિસ્ટમોને નુકશાન પહોચાડશે એવી શંકા છે. વાનાક્રાયને તો કોઈકોઈએ પકડી પણ પાડ્યો પણ આ આગંતુક વાયરસ કોઈની ઝપેટમાં આવે એમ નથી એટલો શાતીર છે એવું કહેવાય છે..! કેટલા કેટલાથી બચવું?

ઓલમોસ્ટ આખીયે દુનિયા ઓનલાઈન થતી જાય છે, આપણે ભલે હજુયે બીજા દેશો કરતા આમાં પાછળ છીએ પણ તોયે પ્રધાનમંત્રીના ડીજીટલ ઈન્ડિયા પ્લાનના પ્રતાપે અને હમણાં જ પૂરી થયેલી નોટબંધીના લીધે ડીજીટલ ટ્રાન્ઝેકશનનું ચલણ વધતું જાય છે. ભારતમાં ડીજીટલ યુગનો પ્રારંભ થઈ રહ્યો છે, હવે આપણે પણ આપણી ફાયનાન્શિયલ ડીટેલ ઓનલાઈન રાખતા થઈ ગયા છીએ એટલું જ નહિ પણ ક્રેડીટકાર્ડ અને બીજા ઈ-પેમેન્ટોનું ચલણ વધતું જાય છે. એટલે આજના જગતમાં જાન સલામત રહે કે ના રહે પણ ડેટા સલામત રહેવા બહુ જ જરૂરી બની ગયા છે...! બધું ઓપન સિક્રેટ થતું જાય છે અને આ સાયબર હુમલાખોરોને આટલું જ જોઈએ. આ સિવાય પણ ભારતમાં હમણાથી લગભગ બધી જ વ્યક્તિગત ડીટેલને આધાર નમ્બર સાથે જોડવાની કામગીરી ચાલે છે. આધારને બેંક એકાઉન્ટ, ઈન્કમટેક્ષ ડીટેલ અને બીજી માહિતીઓ સાથે જોડવાને લીધે આવા વાયરસના એટેકનો ખતરો અનેકગણો વધી ગયો છે અને એનું એક કારણ એ પણ છે કે સાયબર સુરક્ષામાં હજુ આપણે એટલા બધા એડવાન્સ નથી જ. સાયબર અપરાધીઓને તો આ બગાસું ખાતા પતાસું આવ્યા જેવો ઘાટ થયો ગણાય કેમકે એમને આવી બધી માહિતીઓ મેળવવા માટે કેક પાપડ વણવા પડે આઈ મીન કેક સિસ્ટમો હેક કરવી પડે એની બદલે એકાદ હેકિંગથી જ અલ્લાદીનનો ખજાનો મળી જાય એવું પણ બને, બને શું ? બને જ છે...! હજુ ગયા વર્ષે જ ૩૦ લાખથી વધુ ક્રેડીટકાર્ડ હેક થયાનો બનાવ નોંધાયેલો એનું હજુ સુધી કાઈ પગેરું ક્યાં પકડાયું છે..!

હજુ તો આ ઉઘરાણી વાયરસને થાળે નથી પાડ્યો ત્યાં ફૂડ ઓર્ડર કરતી સાઈટ 'ઝોમેટો' ના ડેટાબેઝમાંથી લગભગ ૨ કરોડ જેવા યુઝર્સના ડેટા કે જેમાં પાસવર્ડ, ઈમેલ એડ્રેસ અને પેમેન્ટ ડીટેલ સામેલ છે એ ચોરાઈ ચુક્યા છે. વારેવારે થતા આવા સાયબર એટેકને લીધે હવે તો બચ્ચા બચ્ચા પણ વાયરસ એટલે શું અને એ કેવી રીતે આવે ને કેવી રીતે જાય એવા બધા પ્રાથમિક જ્ઞાનો ધરાવતા થઈ ગયા છે એટલે એની લપ્પન છપ્પનમા પડ્યા વગર એ ગંભીર હકીકત પર ધ્યાન આપવું જરૂરી છે કે આ કોઈ પહેલો એટેક નથી અને છેલ્લો પણ નથી કેમકે જેમ જેમ વિશ્વ વધુને વધુ ડીજીટલ થતું જશે એમ એમ આવા ધાડપાડુઓ પોતાનું લક અજમાવતા જ રહેવાના છે એટલે સમગ્ર વિશ્વ અને ખાસ કરીને આનાથી અસર પામેલા વિશ્વમાંધાતા દેશો પણ એ બાબતમાં ગંભીર થઈ ગયા છે કે કોમ્પ્યુટર સીસ્ટમ અને એની સાથે જોડાયેલી ગોપનીય કે અગોપ્રીય માહિતીઓને આવા સાયબર હરામીઓથી કેવી રીતે બચાવવી ? આવા હુમલાઓથી એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે વૈશ્વિક સમુદાય ઈન્ટરનેટ અને એને લગતી સગવડોનો વધુમાં વધુ ઉપયોગ થાય એવું કરે છે પણ સાથે સાથે સાયબર સુરક્ષાને લગતા કદમો ઉઠાવવામાં હજુયે પાછા પડે છે. તાજેતરના સાયબર એટેક પછી આવેલા એક રીપોર્ટ મુજબ ભારતના ૭૦% થી વધુ એટીએમ આસાનીથી હેક થઈ શકે એવી સ્થિતિમાં છે...લો કર લો બાત...!

આમ તો શું છે કે આયે દિન આવા વાયરસ એટેકો થતા જ રહેતા હોય છે. ફેસબુક વાપરનારા આવા એટેકોને ભલી ભાંતી ઓળખે જ છે.ફેસબુક અને ટ્વીટર એકાઉન્ટ તો ભલભલાના હેક થતા રહે છે. સાયબર સુરક્ષા નિષ્ણાતો ગાઈ વગાડીને કહે છે કે અજાણી લીંક ખોલવી નહિ, પર્સનલ માહિતીઓ ઈમેલ કે ફોન પર આપવી નહિ, પાસવર્ડ સલામત રાખવા અને સમયે સમયે બદલતા રહેવા, પાયરેટેડ સોફ્ટવેર વાપરવા નહિ, એન્ટીવાયરસ ઈન્સ્ટોલ કરવું અને સમયે સમયે અપડેટ પણ કરતું રહેવું, બેકઅપ રાખવું, વગેરે વગેરે પણ ભાઈ મારા જે દેશમાં આવી સાયબર સુરક્ષાને લગતી કોઈ જાણકારી જ ધરાવતા ન હોય એવા બહોળા સમૂહના હાથમાં સ્માર્ટફોન કે પછી ક્રેડીટકાર્ડો કે પછી લેપ્પીઓ — ટેબ્લેટો આવી જાય ત્યાં આવી સૂચનાઓ પર કોણ ગંભીરતાથી ધ્યાન આપે અને એ પ્રમાણે વર્તે અને આમેય આ સાયબર એટેકો એક જશે તો બીજા થવાના જ છે કેમકે આ પણ એક પ્રકારની લુટ, યુદ્ધ કે બદલો જે ગણો તે છે પણ જો સાયબર સુરક્ષા નિષ્ણાતો અને કોમ્પ્યુટર જાણકારોની વાત માનીએ તો આવનારા સમયમાં આનાથી પણ વધુ ઘાતક સાયબર હુમલાઓ થઈ શકે છે અને એઝ એ ઈમજલ્લગ ડીજીટલ નેશન ભારત એનો વધુ અને આસાન શિકાર બની શકે છે. બચવાના રસ્તાઓ ઘણા છે પણ સાથે સાથે એ પણ હકીકત છે કે એક પણ રસ્તો ૧૦૦ ટકા બચશો જ એવી કોઈ ગેરંટી નથી આપતો કેમકે આ એક એવા પ્રકારનો છદ્મવેશી હુમલો છે કે જેમાં હુમલો થઈ ગયા પછી ખબર પડે છે છતાં પણ ભારત સહીત વિશ્વ આખું આવી સંભવિત લુંટ અને અવકાશી હુમલાઓને ખાળવા તનતોડ પ્રયત્ન કરી રહ્યું છે એવામાં એઝ એ સીટીઝન આપણી પણ ફરજ બની રહે કે સાયબર સુરક્ષાને લગતા નિયમો અને સાવધાનીઓનું પાલન કરીએ અને ભવિષ્યમાં તમારા જ ખિસ્સા પર પડનારી આવી લુંટથી બચ શકો તો બચ લો..! બાકી તો સાયબર સુરક્ષા નિષ્ણાતો માની રહ્યા છે કે ગયા અઠવાડિયે થયેલો સાયબર એટેક તો ફક્ત ટ્રેલર જ હતું, પૂરું ફીલ્લ્લ્મ તો હજુ બાકી છે...!